દરિયાકાંઠા નિયમન વિસ્તાર (કોસ્ટલ રેગ્યુલેશન ઝોન-સીઆરઝેડ) નોટિફિકેશન, ૨૦૧૧ અને દ્વીપ સંરક્ષણ વિસ્તાર (આઈલેન્ડ પ્રોટેક્શન ઝોન-આઈપીઝેડ) નોટિફિકેશન, ૨૦૧૧ અંગે વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો

## ૧. સામાન્ય

૧. દરિયાકાંઠા નિયમન વિસ્તાર (કોસ્ટલ રેગ્યુલેશન ઝોન) નોટિફિકેશન, ૨૦૧૧ની જરૂર શા માટે પડી?

પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા ૧૯ ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ પર્યાવરણ (સંરક્ષણ) કાયદો-૧૯૮૬ અંતર્ગત કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) નોટિફિકેશન જારી કર્યું હતું. જેનો ઉદ્દેશ આપણા દરિયાકાંઠાના વિસ્તારોના સંરક્ષણ અને સંભાળ માટે નક્કર પગલાં ભરવાનો હતો. જોકે, છેલ્લા બે દાયકામાં ૧૯૯૧ના નોટિફિકેશનના અમલીકરણમાં અહીં જણાવ્યા પ્રમાણેની સમસ્યાઓ ઊભી થવા લાગી હતી:

- ૧૯૯૧નું નોટિફિકેશન મુખ્ય જમીન સાથે જોડાયેલો ૫૫૦૦ કિલોમીટરના દરિયાકાંઠા તેમજ આંદામાન અને નિકોબાર તથા લક્ષ્યદ્વીપ ટાપુઓના ૨૦૦૦ કિલોમીટરના દરિયાકાંઠા વિસ્તાર, એમ ભારતના સમગ્ર દરિયાકાંઠાને એકસરખી રીતે જ લાગુ પડે છે. ભારતીય દરિયાકાંઠો જૈવિક વિવિધતા, દ્રવગતિક (હાઇડ્રોડાઇનામિક) સ્થિતિઓ, ભૂસ્તરીય પ્રકાર (ડેમોગ્રાફિક પેટર્ન), કુદરતી સંસાધનો, જૈવિક બંધારણો (જીઓમોર્પોલોજિકલ) અને જૈવિક (જિઓલોજિકલ) ગુણધર્મોની દૃષ્ટિએ ઘણું બધું વૈવિધ્ય ધરાવે છે ત્યારે સમગ્ર દરિયાકાંઠાને એકસરખા નિયમો લાગુ પાડવાની નીતિ ખોટી ઠરે છે.

- ૧૯૯૧ના નોટિફિકેશનમાં સીઆરઝેડની બહાલી લેવાની પ્રક્રિયા સ્પષ્ટ નથી તથા કોઈ સમયમર્યાદા પણ નિશ્ચિત કરવામાં આવી નથી. એથી વિશેષ બહાલી માટે કરવાની અરજીનું કોઈ માળખું અપાયું નથી.

- ૧૯૯૧ના નોટિફિકેશનમાં એવું પણ જોવામાં આવ્યું છે કે બહાલી આપી દેવામાં આવ્યા પછી દેખરેખ માટે અથવા તો કોઈ ઉલ્લંઘનો થઈ રહ્યા હોય તો તેની તકેદારી રાખવા માટે કોઈ સ્પષ્ટ તંત્ર કે જોગવાઈ જોવા મળતી નથી.

- ૧૯૯૧નું નોટિફિકેશન ભરતી વિસ્તાર તથા દરિયાથી જમીન તરફના ૫૦૦ મીટરના વિસ્તારમાં તમામ વિકાસલક્ષી પ્રવૃત્તિઓનું નિયમનની વાત કરે છે. ૧૯૯૧ના નોટિફિકેશનમાં જમીન પર ચાલતી પ્રવૃત્તિઓને કારણે ફેલાતા પ્રદૂષણના સંદર્ભે કોઈ નક્કર પગલાંની જોગવાઈ ધરાવતું નથી.

- ૧૯૯૧નું નોટિફિકેશન અત્યંત ચુસ્ત અને બંધનકર્તા હોવાને કારણે જે તે સંવેદનશીલ દરિયાકાંઠાની પટ્ટીમાં રહેતા લોકો અને સમુદાયોને ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં મુંબઈમાં ઝૂંપડપટ્ટીમાં રહેનારી વસતી અને ગંદી અને અસુરક્ષિત ઇમારતોમાં વસતા લોકો, કેરળના બેકવોટરના ટાપુઓમાં વસતા સમુદાયો, ગોવા અને અન્ય પરંપરાગત રીતે દરિયાકાંઠેના વસવાટોમાં રહેતા સ્થાનિક સમુદાયોનો સમાવેશ થાય છે.

- ૧૯૯૧નું નોટિફિકેશન જુદી જુદી રાજ્ય સરકારો, કેન્દ્રીય મંત્રાલયો, સ્વૈચ્છિક સંગઠનો વગેરેની વિનંતીઓને કારણે ઓછામાં ઓછું પચીસેક વખત સુધારાવધારા પામ્યું છે. એ ઉપરાંત પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા કેટલીક જોગવાઈઓની સ્પષ્ટતા કરવા માટે અનેક પરિપત્રો (ઓફિસ ઓર્ડર) જારી થયેલા છે. ૧૯૯૧ના નોટિફિકેશનમાં અનેકવાર થયેલા સુધારા-વધારાઓને ૨૦૧૧ના નોટિફિકેશનમાં સુવ્યવસ્થિતપણે સાંકળી લેવામાં આવ્યા છે.

૨૦૧૧ના નોટિફિકેશનમાં ઉપરોક્ત તમામ બાબતો ધ્યાનમાં લેવામાં આવી છે અને વ્યવસ્થિત રીતે આ બધી બાબતોને સાંકળવામાં આવી છે. ડો. એમ. એસ. સ્વામિનાથનના વડપણ હેઠળની સમિતિનો દરિયાકાંઠા નિયમન અંગેનો ફાઇનલ ફ્રંટિયર (આખરી સરહદ) નામના અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો અને જુદાં જુદાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આયોજિત ગોષ્ઠિઓમાંથી નીકળેલાં તારણોના આધારે ૨૦૧૧ના નોટિફિકેશનને આખરી ઓપ અપાયો છે. ગોવા, ચેન્નાઈ, પુરી, કોચ્ચી અને મુંબઈમાં આયોજિત ગોષ્ઠિઓ રાજ્યના મંત્રીઓની અધ્યક્ષતામાં આયોજિત કરવામાં આવી હતી.

૨. દરિયાકાંઠા નિયમન વિસ્તાર (સીઆરઝેડ) નોટિફિકેશન, ૨૦૧૧ના ઉદ્દેશો કયા કયા છે?

દરિયાકાંઠા નિયમન વિસ્તાર (સીઆરઝેડ) નોટિફિકેશન, ૨૦૧૧ના મુખ્ય ઉદ્દેશો આ પ્રમાણે છે:

- માછીમારી સમુદાયો અને દરિયાકાંઠે વસતા અન્ય સ્થાનિક સમુદાયોની આજીવિકાનું સંરક્ષણ સુનિશ્ચિત કરવું.

- દરિયાકાંઠાની પટ્ટીઓની સંભાળ અને સુરક્ષા કરવી.

- વૈજ્ઞાનિક સિદ્ધાંતોના આધારે ટકાઉપણાને જોઈને વિકાસની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવી. અલબત્ત, દરિયાકાંઠામાં ઉદ્ભવતી કુદરતી હોનારતોને તેમજ ગ્લોબલ વોર્મિંગને કારણે વધતી દરિયાની સપાટીને ધ્યાનમાં રાખીને ચાલવું.

## ૨. ૨૦૧૧ના નોટિફિકેશન અંતર્ગત સીઆરઝેડ વિસ્તારોની ઓળખ અને વર્ગીકરણ

૧. ૨૦૧૧ના નોટિફિકેશનમાં દરિયાકાંઠાના વિસ્તારોને કઈ રીતે વર્ગીકૃત કરવામાં આવ્યા છે?

૧૯૯૧ના નોટિફિકેશનમાં સીઆરઝેડ વિસ્તારોને સીઆરઝેડ-૧ (જૈવિકતંત્રની દૃષ્ટિએ સંવેદનશીલ), સીઆરઝેડ-૨ (બાંધકામ વિસ્તાર), સીઆરઝેડ-૩ (ગ્રામીણ વિસ્તાર) અને સીઆરઝેડ-૪ (જળ વિસ્તાર), એવા વિભાગોમાં વર્ગીકૃત કરાયા હતા. ૨૦૧૧ના નોટિફિકેશનમાં આ વર્ગીકરણને જ જાળવી રાખવામાં આવ્યું છે. એક માત્ર પરિવર્તન સીઆરઝેડ-૪માં કરવામાં આવ્યું છે, જેમાં જળ વિસ્તારોમાં પાણીના પ્રાદેશિક જળાશયો તથા ભરતીથી પ્રભાવિત જળાશયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પર્યાવરણ (સંરક્ષણ) કાયદો-૧૯૮૬ અંતર્ગત આંદામાન-નિકોબાર અને લક્ષ્યદ્વીપ ટાપુઓના સંરક્ષણ માટે પહેલી વખત દ્વીપ સંરક્ષણ વિસ્તાર (આઈપીઝેડ) નોટિફિકેશનનો મુસદ્દો અલગથી જારી કરવામાં આવ્યો છે.

૨. સીઆરઝેડ-૧ની કેટેગરીમાં સમાવેશ પામી શકે એવા દરિયાકાંઠાના વિસ્તારો કયા કયા છે?

સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૧૧માં સીઆરઝેડ-૧ની કેટેગરીમાં આવતા વિસ્તારોની સ્પષ્ટ યાદી આપી દેવામાં આવી છે -

(i) જૈવિકતંત્રની દૃષ્ટિએ (ઈકોલોજીકલી) સંવેદનશીલ વિસ્તારો તથા દરિયાકાંઠાના અસ્તિત્વની અખંડતા ટકાવી રાખવામાં પાયાની ભૂમિકા ભજવતી જૈવિકરચનાઓની બાબતો.

- મેન્ગ્રોવ્સ (ચેરિયા), મેન્ગ્રોવ્સ વિસ્તાર ૧૦૦૦ ચોરસ મીટર કરતાં વધુ હોય તેવા કિસ્સામાં ૫૦ મીટરના બફર વિસ્તારની જોગવાઈ કરવી જોઈએ.

- પરવાળા અને પરવાળાના ખડકો તથા સંબંધિત જૈવિક વિવિધતા,

- રેતીના ઢગલાઓ (ટેકરીઓ),

- જૈવિક દૃષ્ટિએ સક્રિય એવા કાદવવાળા વિસ્તારો

- વન્ય જીવ (સંરક્ષણ) કાયદો, ૧૯૭૨ (૧૯૭૨નો ૫૩મો), વન (સંભાળ) કાયદો, ૧૯૮૦ (૧૯૮૦નો ૬૯મો) કે પર્યાવરણ (સંરક્ષણ) કાયદો, ૧૯૮૬ (૧૯૮૬નો ૨૯મો)ની જોગવાઈ અંતર્ગત રાષ્ટ્રીય ઉદ્યાનો, મરીન પાર્ક્સ, અભયારણ્યો, આરક્ષિત વનો, વન્યજીવોના પરિનિવેશો (હેબિટાટ) અને અન્ય સંરક્ષિત વિસ્તારો. આમાં વાતાવરણીય આરક્ષિત (બાયોસ્ફીઅર રિઝર્વ્સ) વિસ્તારોનો સમાવેશ પણ થાય છે, જેવાકે,

- મીઠાના અગર,

- કાચબાના માળાવાળા વિસ્તારો,

- હોર્સ શૂ કરચલાના પરિનિવેશો (હેબિટાટ)

- દરિયાઈ ઘાસની ચાદરો,

- પંખીઓના માળાવાળા વિસ્તારો,

- પુરાતત્ત્વ અને વિરાસતની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ સ્થાનો ધરાવતા વિસ્તારો કે ઇમારતો.

(ii) નિમ્ન ભરતી રેખા (એલટીએલ) અને ઉચ્ચ ભરતી રેખા (એચટીએલ) વચ્ચેનો વિસ્તાર

૩. સીઆરઝેડ-૧માં કઈ કઈ પ્રવૃત્તિની છુટછાટ આપવામાં આવે છે?

૨૧૦૦ના નોટિફિકેશનમાં સીઆરઝેડ-૧માં એવી પ્રવૃત્તિઓ કરવાની જ છુટછાટ છે, જેની છૂટછાટ સમયાંતરે સુધારવામાં આવેલા ૧૯૯૧ના નોટિફિકેશનમાં પણ આપવામાં આવી હતી. નીચે જણાવેલી બાબતો સાથે તે સંબંધિત છે:

(i) સીઆરઝેડ-૧માં નવા બાંધકામને મંજૂરી અપાશે નહીં, સિવાય કે -

- પરમાણુ ઊર્જા વિભાગનો કોઈ પ્રોજેક્ટ હોય

- પાઇપલાઇન, વહન કરતી લાઇનો સહિતના હેરફેરનાં માળખાંઓ

- સીઆરઝેડ-૧ અંતર્ગત સ્વીકૃતિ પામેલી પ્રવૃત્તિઓ માટેની આવશ્યક જરૂરિયાતો

- ભારતીય હવામાન ખાતા દ્વારા વાવાઝોડાંની હલચલ અને સંભાવનાની દેખરેખ માટે સ્થાપિત કરવામાં આવતા હવામાન રડાર.

- નિમ્ન ભરતી રેખા અને ઉચ્ચ ભરતી રેખા વચ્ચે ભરતીના પાણીના પ્રવાહને પ્રભાવિત ન કરે એ પ્રકારે બંદરોને જોડતા ગેડી કે થાંભલા પર બાંધવામાં આવતા રોડ કે પુલ (સી-લિંક).

- માત્ર નવી મુંબઈમાં એરપોર્ટ માટે ગ્રીન ફીલ્ડના વિકાસની મંજૂરી અગાઉથી આપવામાં આવી છે.

(ii) નિમ્ન ભરતી રેખા (એલટીએલ) અને ઉચ્ચ ભરતી રેખા (એચટીએલ) વચ્ચેનો વિસ્તાર જો જૈવિક દૃષ્ટિએ સંવેદનશીલ ન હોય તો અહીં નીચે જણાવેલી બાબતો માટે મંજૂરી મળી શકે છે:

- કુદરતી વાયુ (ગેસ)ની શોધખોળ અને તેનું નિષ્પાદન

- સંબંધિત સીઝેડએમ ઓથોરિટી પાસેથી મંજૂરી મેળવ્યા બાદ વાતાવરણીય આરક્ષિત (બાયોસ્ફીઅર રિઝર્વ્સ) વિસ્તારોમાં પરંપરાગત રીતે વસતા સમુદાયોની જરૂરિયાતને પહોંચી મળવા માટે દવાખાનાં, શાળા, જાહેર વર્ષા છત, જાહેર શોચાલય, પુલ, રસ્તાઓ, જેટ્ટી, પાણી પુરવઠા વ્યવસ્થા, ખાળકૂવા-ગટર વગેરેના બાંધકામ.

- સૂર્યના તાપની મદદથી મીઠું પકવવું

- ડિસેલિનેશન પ્લાન્ટ્સ

- ખાદ્ય તેલ, ખાતર અને ધાન્ય જેવા બિનજોખમી કાર્ગોનો નોટિફાઇડ બંદરોમાં સંગ્રહ

- નિમ્ન ભરતી રેખા અને ઉચ્ચ ભરતી રેખા વચ્ચે ભરતીના પાણીના પ્રવાહને પ્રભાવિત ન કરે એ પ્રકારે બંદરોને જોડતા ગેડી કે થાંભલા પર બાંધવામાં આવતા રોડ કે પુલ (સી-લિંક).

૪. સીઆરઝેડ-૨ની કેટેગરીમાં સમાવેશ પામી શકે એવા દરિયાકાંઠાના વિસ્તારો કયા કયા છે?

નોટિફિકેશનમાં સીઆરઝેડ-૨ની સમજૂતી એ રીતે આપવામાં આવી છે કે એવો વિસ્તાર જે સુધરાઈની હદમાં આવતો હોય અને દરિયાકિનારા સુધી કે તેને અડીને વિકાસ પામ્યો હોય.

૫. સીઆરઝેડ-૨ના વિસ્તારોમાં કઈ કઈ પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવી છે?

હયાત રસ્તાઓ, અધિકૃત માળખાઓની જમીન તરફના વિસ્તારમાં કે અધિકૃત ઇમારતો ન હોય એવી જોખમી રેખાથી જમીન તરફના વિસ્તારમાં બાંધકામને મંજૂરી મળી શકે છે. ડિસેલાઇનેશન પ્લાંટ કે બિનજોખમી ચીજવસ્તુઓના કાર્ગોના સંગ્રહ વગેરે પ્રવૃત્તિઓને પણ મંજૂરી મળી શકે છે. બાંધકામ પ્રોજેક્ટ માટે ૧૯-૨-૯૧ના નોટિફિકેશન અનુસાર ફ્લોર સ્પેશ ઇન્ડેક્સ અને ફ્લોર એરિયા રેશિયોને વળગી રહેવું જરૂરી છે, સિવાય કે ખાસ કરીને ઝૂંપડપટ્ટીઓના પુનર્નિર્માણ કે જર્જરિત માળખાઓને ફરી બાંધવા બાબતે સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૧૧માં કોઈ વિશેષ સ્પષ્ટતા કરવામાં આવી હોય.

૬. સીઆરઝેડ-૩ની કેટેગરીમાં સમાવેશ પામી શકે એવા દરિયાકાંઠાના વિસ્તારો કયા કયા છે? આ વિસ્તારોમાં કેવી કેવી પ્રવૃત્તિઓ કરવાની મંજૂરી આપવામાં આવી છે?

સીઆરઝેડ-૩માં એવા વિસ્તારો આવે છે, જેને પ્રમાણમાં ઓછા છેડવામાં આવ્યા હોય છે અને જે સીઆરઝેડ-૧ કે સીઆરઝેડ-૨ની કેટેગરીમાં આવતા નથી અને તેમાં એવા ગ્રામીણ અને શહેરી વિસ્તારોનો સમાવેશ પણ થાય છે, જેનો સાતત્યપૂર્ણ અને ટકાઉ વિકાસ ન થયો હોય.

સીઆરઝેડ-૩માં જે જે પ્રવૃત્તિઓને સ્વીકૃતિ મળેલી છે, તેની યાદી સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧માં આપેલી છે અને ૧૯૯૧ના નોટિફિકેશનની બાબતો જ જાળવી રાખવામાં આવી છે. ઉચ્ચ ભરતી રેખા (એચટીએલ)થી ૦-૨૦૦ મીટર વચ્ચેનો વિસ્તાર નો ડેવલપમેન્ટ ઝોન છે, જ્યાં કોઈ બાંધકામને મંજૂરી મળતી નથી. કૃષિ, પશુપાલન, બાગ, ઘાસચારાના ખેતર, પાર્ક, રમતનું મેદાન, વનીકરણ, પરમાણુ ઊર્જા વિભાગનો કોઈ પ્રોજેક્ટ, દુર્લભ ખનિજોનું ખનન, દરિયાના પાણીમાંથી મીઠું પકવવું, પેટ્રોલિયમ પેદાશો મેળવવી, સંગ્રહવી અને તેનું રીગેસીફિકેશન કરવું અને કુદરતી વાયુ (ગેસ)ને પ્રવાહીસ્વરૂપે ઢાળવો, બિનપરંપરાગત ઊર્જા સ્રોતો થકી વીજળી ઉત્પન્ન કરવી વગેરે સાથે સંબંધિત પ્રવૃત્તિઓ અને કેટલીક જાહેર સુવિધાઓને આ વિસ્તારમાં મંજૂરી મળી શકે છે.

ઉચ્ચ ભરતી રેખા (એચટીએલ)થી ૨૦૦થી ૫૦૦ મીટર વચ્ચેના વિસ્તારમાં સ્થાનિક સમુદાયના લોકોના આવાસોનું બાંધકામ અને સમારકામ, પ્રવાસન પ્રોજેક્ટ (નવી મુંબઈના ગ્રીન ફીલ્ડ એરપોર્ટ સહિત), પેટ્રોલિયમ પેદાશો મેળવવી, સંગ્રહવી અને તેનું રીગેસીફિકેશન કરવું અને કુદરતી વાયુ (ગેસ)ને પ્રવાહીસ્વરૂપે ઢાળવો, બિનજોખમી ચીજવસ્તુઓના કાર્ગોનો સંગ્રહ, ડેસેલિનેશન પ્લાન્ટ્સ, બિનપરંપરાગત ઊર્જા સ્રોતો થકી વીજળી મેળવવા માટેની સુવિધા વગેરે પ્રવૃત્તિઓને મંજૂરી મળી શકે છે.

૭. સીઆરઝેડ-૪ની કેટેગરીમાં સમાવેશ પામી શકે એવા દરિયાકાંઠાના વિસ્તારો કયા કયા છે?

નિમ્ન ભરતી રેખા (એલટીએલ)થી સરહદી મર્યાદા સુધીના દરિયાઈ વિસ્તારને સીઆરઝેડ-૪માં વર્ગીકૃત કરવામાં આવે છે, જેમાં ભરતી પ્રભાવિત જળાશયોના વિસ્તારોનો પણ સમાવેશ થઈ જાય છે.

૮. સીઆરઝેડ-૪ના વિસ્તારોમાં કેવી કેવી પ્રવૃત્તિઓ કરવાની મંજૂરી આપવામાં આવી છે?

સીઆરઝેડ-૪ના વિસ્તારોમાં સ્થાનિક સમુદાય દ્વારા થતી પરંપરાગત માછીમારી અને સંબંધિત પ્રવૃત્તિઓ પર કોઈ નિયંત્રણો મૂકવામાં આવ્યાં નથી. જોકે, શુદ્ધીકરણ કર્યા વિનાના માનવીય અને ઔદ્યોગિક કચરાનો નિકાલ કે ઘન કચરાનો નિકાલ કે ખડકલો આ વિસ્તારમાં થઈ શકશે નહીં. આ નોટિફિકેશન જારી થયાના એક વર્ષની અંદર શહેર દ્વારા માનવીય કચરાના શુદ્ધીકરણ માટેનું સુગઠિત આયોજન ફરજિયાતપણે કરી નાખવાનું રહેશે તથા બે વર્ષ ગાળામાં તેનું અમલીકરણ પણ પૂર્ણ થઈ જવું જોઈએ.

## ૩. માછીમાર સમુદાયો માટે વિશેષ જોગવાઈઓ

૧. માછીમારી સમુદાય માટે ૨૦૧૧ના નોટિફિકેશનમાં કઈ કઈ નવી જોગવાઈઓ કરવામાં આવી છે?

સીઆરઝેડ નોટિફિકેશન-૨૦૧૧ ઘડાતું હતું ત્યારથી જ પરંપરાગત રીતે દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતા માછીમારી સમુદાયને પ્રાથમિકતા આપવામાં આવી છે.

નોટિફિકેશનના લેખિત ઉદ્દેશોમાં એક ઉદ્દેશ છે, દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતા માછીમાર અને અન્ય પરંપરાગત સમુદાયોની આજીવિકા સુનિશ્ચિત કરવી... દરિયાકાંઠા પર ઝળુંબતાં કુદરતી જોખમો, ગ્લોબલ વોર્મિંગને કારણે વધતી દરિયાની સપાટીને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિક સિદ્ધાંતોના આધારે ટકાઉ હોય એવા વિકાસને પ્રોત્સાહન આપવું.

માછીમાર સમુદાયને સંબંધિત બાબતોને ધ્યાનમાં લેતી ૨૦૧૧ના નોટિફિકેશનની જોગવાઈઓ આ પ્રમાણે છે:

(i) ૧૨ નોટિકલ માઇલ સુધીનો જળ વિસ્તાર અને ભરતી પ્રભાવિત જળાશયોનો સમાવેશ દરિયાકાંઠા નિયમ ઝોન (સીઆરઝેડ) અંતર્ગત અહીં જણાવ્યા પ્રમાણે થાય છે :

- દરિયામાં નિકાલ કરાતો શુદ્ધીકરણ કર્યા વિનાનો માનવીય અને ઔદ્યોગિક કચરો અને ઘન કચરો, જે માછલીઓ અને તેના નિવસનતંત્ર (ઈકોસિસ્ટમ) માટે જોખમી પુરવાર થતો હોય, તેના પર નિયંત્રણ

- પરવાળા અને પરવાળાના ટાપુઓ તથા સંબંધિત જૈવિક વિવિધતા, દરિયાઈ અભયારણ્યો અને વાતાવરણીય (બાયોસ્ફીઅર) આરક્ષિત વિસ્તાર, દરિયાઈ ઘાસના મેદાન વગેરે, જે માછલી અને માછીમારી માટે અતિઉપયોગી છે, તેવા દરિયાઈ વિસ્તારના પરિનિવેશો (હેબિટાટ)ની જાળવણી અને સંરક્ષણ

- ખનિજો મેળવવા, રેતીનું ખનન, જહાજોમાંથી ફેંકાતો કચરો, પુલનિરોધ (ડ્રોઇન્સ), બ્રેકવોટર વગેરે જેવા બાંધકામો તેમજ વિકાસને લગતી પ્રવૃત્તિઓ જેની માછીમારી અને સંબંધિત પ્રવૃત્તિઓ પર ખૂબ ખરાબ અસર પડે છે, તેના પર અંકુશ-નિયમન લાદવું.

- દરિયાકાંઠા અને દરિયાઈ વિસ્તાર પર ક્લાઇમેટ ચેન્જ અને અન્ય માછીમાર સમુદાયોની આજીવિકા અને સંપત્તિ પર ગંભીર અસર પાડતી આપત્તિઓની સંભવિત અસરને માપવા માટે અભ્યાસ-સંશોધન હાથ ધરવા.

અહીં નોંધનીય છે કે આ વિસ્તારમાં **પરંપરાગત રીતે માછીમારી કરતા સમુદાયોની માછીમારી અને તેને સંબંધિત કોઈ પ્રવૃત્તિ પર એક પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો નથી.**

(ii) માનવીય પ્રવૃત્તિઓને કારણે દરિયાકાંઠાનું મોટાપાયે ધોવાણ થયું છે, જેને દેશના કેટલાક દરિયાકાંઠા વિસ્તારો પર માછીમારો માટે તેમની માછીમારીની પ્રવૃત્તિને ધક્કો પહોંચ્યો છે. આવી દરિયાકાંઠા પરની જોખમી માનવીય પ્રવૃત્તિ પર અંકુશ લગાવવા માટે ધોવાણ પામેલા વિસ્તારોને ત્રણ કેટેગરીમાં વર્ગીકૃત કરી દેવામાં આવ્યા છે, ભારે ધોવાણ કેટેગરી, મધ્યમ ધોવાણ કેટેગરી અને સ્થિર વિસ્તાર કેટેગરી. કયો વિસ્તાર કઈ કેટેગરીમાં આવે છે, તેની ઓળખ કરીને પગલાં ભરાશે.

(iii) દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન આયોજનો ઘડતી વખતે માછીમાર સમુદાયો માટે જરૂરી આંતરમાળખાનો સ્પષ્ટ ઉલ્લેખ થવો જોઈએ અને માછીમારી કરાતી હોય એ વિસ્તાર અને માછળીનું બ્રીડિંગ કરાતું હોય તે વિસ્તારને સ્પષ્ટપણે દર્શાવવો જોઈએ.

(iv) ૨૦૧૧ના નોટિફિકેશન અનુસાર દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન આયોજન (સીઝેડએમપી)ના ઘડતર વખતે દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન સંત્તામંડળ (સીઝેડએમએ) દ્વારા તમામ હિતધારકોને આમંત્રિત કરવા જરૂરી છે. આવું પહેલી જ વખત બન્યું છે કે સીઝેડએમપીને તૈયાર કરતી વખતે માછીમાર સમુદાયોને પણ હાજર રાખવામાં આવશે અને તેમની રજૂઆત આયોજનમાં ધ્યાનમાં લેવાશે.

(v) આ નોટિફિકેશન સ્થાનિક માછીમારી સમુદાયો માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવા સીઆરઝેડ-૩ વિસ્તારમાં બાંધકામ માટે મંજૂરી આપે છે.

(vi) સ્થાનિક નગર અને રાષ્ટ્રીય આયોજનના નિયમનોને ધ્યાનમાં રાખીને માછીમાર સહિતના સ્થાનિક સમુદાયો પોતાનાં નિવાસોનું ફેરબાંધકામ, સમારકામ કરી-કરાવીની મંજૂરી મળી શકે છે.

(vii) સીઆરઝેડ-૩માં જ્યાં ૦-૨૦૦ મીટર સુધીનો વિસ્તાર નો ડેવલપમેન્ટ ઝોન છે, તેમાં માછીમાર સહિતના સ્થાનિક સમુદાયોની આવાસીય એકમોની જરૂરિયાતને પહોંચી વળવા માટે નો ડેવલપમેન્ટ ઝોન ૧૦૦ મીટર સુધી ઘટાડી શકાશે. એટલે કે રાજ્ય સરકાર અને પર્યાવરણ અને વન મંત્રાલયની બહાલી મેળવ્યા બાદ ઉચ્ચ ભરતી રેખાથી ૧૦૦-૨૦૦ મીટરના વિસ્તારમાં આવાસીય એકમો બાંધી શકાશે.

૨. માછીમાર સમુદાય માટે ૨૦૧ના નોટિફિકેશનમાં કઈ કઈ રાજ્ય-વિશેષ (સ્ટેટ સ્પેશિફિક) જોગવાઈઓ કરવામાં આવી છે?

મહારાષ્ટ્ર, ગોવા, કેરળ, સુંદરવન અને અન્ય ઈકોલોજિકલી સંવેદનશીલ દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતા માછીમારી સમુદાયો માટે કેટલીક વિશેષ જોગવાઈઓનો પણ નોટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

- **બૃહદ મુંબઈ** (ગ્રેટર મુંબઈ) : બૃહદ મુંબઈમાં વસતા પરંપરાગત માછીમારી સમુદાયો (જેવા કે કોલીવાડસ) માટે ખાસ જોગવાઈ કરાઈ છે, જેમાં સંબંધિત વિસ્તારનું માપન કરીને તેને સીઆરઝેડ-૩ જાહેર કરાશે તથા સ્થાનિક નગર અને રાષ્ટ્રીય આયોજન નિયમનોને ધ્યાનમાં રાખીને બાંધકામ અને ફેરબાંધકામ સહિતના વિકાસ કાર્યો કરાશે.

- **ગોવા** : ગોવા સરકાર દ્વારા ગોવાના દરિયાકાંઠે વસેલાં માછીમારી ગામોનો સર્વે હાથ ધરાશે અને નક્શો તૈયાર કરાશે તેમજ માછીમારી અને તેને સંબંધિત આવશ્યક જરૂરિયાતો પૂરી પાડવામાં આવશે. સીઆરઝેડ નોટિફિકેશન-૧૯૯૧ અનુસાર તંત્ર પાસેથી જરૂરી મંજૂરી લીધા વિના સ્થાનિક સમુદાયો દ્વારા સીઆરઝેડ વિસ્તારમાં આવાસીય બાંધકામના વિસ્તરણ-ફેરબાંધકામ કે સમારકામની પ્રવૃત્તિને નોટિફિકેશનનું ઉલ્લંઘન ગણવામાં આવતું હતું. માનનીય બોમ્બે વડી અદાલત દ્વારા આ રીતે બાંધવામાં આવેલાં આવાસીય એકમોને (આશરે ૫૦૦૦) તોડી  પાડવાના આદેશ અપાયેલા. જોકે, ૨૦૧૧ના નોટિફિકેશનમાં સીઆરઝેડ વિસ્તારોમાં સ્થાનિક સમુદાયો દ્વારા આવાસીય એકમોના કરાતા ફેરબાંધકામ અને સમારકામને મંજૂરી આપવાની જોગવાઈ છે.

- **કેરળ** : કેરળમાં સીઆરઝેડ વિસ્તારને ઉચ્ચ ભરતી રેખા (એચટીએલ)થી જમીન તરફના વિસ્તાર તરફ ૫૦ મીટર ઘટાડવામાં આવ્યો છે. આમ, તો આ વિસ્તાર નો ડેવલપમેન્ટ ઝોનમાં આવે છે, જ્યાં નવું બાંધકામ શક્ય નથી. જોકે, સ્થાનિક સમુદાયના આવાસીય એકમો જો હયાત હોય તો તેનું સમારકામ અને ફેરબાંધકામ થઈ શકે છે. માછીમારી માટે જરૂરી સુવિધાઓ, જેવીકે માછીમારી જેટી, મચ્છી સુકવવાનો વિસ્તાર, આઇસ ફેક્ટરી, નાવ સમારકામ માટેની જગ્યા વગેરેનું બાંધકામ ૦-૫૦ મીટરના વિસ્તારમાં થઈ શકશે. જમીનના વિસ્તાર તરફ એચટીએલથી ૫૦ મીટરના વિસ્તારથી આગળ સ્થાનિક સમુદાયો સ્થાનિક પંચાયતની સ્વીકૃતિ મેળવીને આવાસીય એકમો બાંધી શકે છે.

- **સુંદરવન** : સુંદરવન અને અન્ય ઈકોલોજિકલ સંવેદનશીલ વિસ્તારોના વિકાસનું નિયમન કરવા માટે અને સ્થાનિક સમુદાયનાં હિતોને ધ્યાનમાં રાખીને આ વિસ્તારની સંભાળ અને સુરક્ષા માટે સંકલિત વ્યવસ્થાપન આયોજન (આઈએમપી)ની જરૂર છે, જે આ સમુદાયો સાથે ચર્ચા-વિમર્શ કર્યા પછી જ ઘડવામાં આવે. સંકલિત વ્યવસ્થાપન આયોજનમાં સંવેદનશીલ દરિયાકાંઠા વિસ્તારમાં વસતા માછીમાર સહિતના સ્થાનિક સમુદાયોની ઘરની જરૂરિયાતને પણ ધ્યાનમાં લેવામાં આવે.

## ૪. પ્રદૂષણ નિવારવાનાં પગલાં

૧. દરિયાકાંઠા વિસ્તાર કે દરિયાના પાણીમાં થતાં પ્રદૂષણને અટકાવવા માટે ૨૦૧૧ના નોટિફિકેશનમાં કેવી કેવી જોગવાઈઓ રાખવામાં આવી છે?

દરિયાકાંઠાના વિસ્તાર અને દરિયાના પાણીમાં થતાં પ્રદૂષણને અટકાવવા માટે ૨૦૧૧ના નોટિફિકેશનમાં કેટલાંક પગલાંની યાદી કરવામાં આવી છે. દરિયાના પાણીમાં દૂષિત પાણી અને ઔદ્યોગિક કચરાના નિકાલ, એ પ્રતિબંધિત પ્રવૃતિ છે. દરિયાકાંઠો ધરાવતાં તમામ રાજ્યોએ ખાસ તકેદારી રાખવાની છે કે :

- હાલમાં શુદ્ધીકરણ કર્યા વિનાનું દૂષિત પાણી અને ઔદ્યોગિક કચરો દરિયાના પાણીમાં ઠલવવામાં આવે છે, તેને બે વર્ષથી વધુ નહીં, એવી નિશ્ચિત સમયમર્યાદામાં અટકાવી દેવામાં આવે.

- નોટિફિકેશન લાગુ પડ્યાના એક વર્ષના ગાળામાં ઘન કચરાનો દરિયાકાંઠા પર થતો ખડકલો અટકાવી દેવામાં આવે.

- દરિયાકાંઠા વિસ્તાર અને દરિયાના પાણીમાં થતાં પ્રદૂષણનો નિવેડો લાવવા માટે એક કાર્યઆયોજન ઘડવામાં આવે, જેને નિશ્ચિત સમયમર્યાદામાં અમલી બનાવીને પૂર્ણ કરવાનું હોય.

- કાર્યઆયોજન પર્યાવરણ અને વન મંત્રાલયને સુપરત કરવામાં આવે, જે જરૂરી તકનીકી અને આર્થિક સહાય પૂરી પાડે.

## ૫. બહાલીની પ્રક્રિયા

૧. ૨૦૧૧ના નોટિફિકેશનમાં બહાલી મેળવવાની પ્રક્રિયા કઈ છે?

૧૯૯૧ના નોટિફિકેશનમાં સીઆરઝેડ બહાલી મેળવવા માટે કોઈ નિશ્ચિત પ્રક્રિયા નિર્ધારિત નહોતી કરવામાં આવી, પરંતુ ૨૦૧૧ના નોટિફિકેશનમાં બહાલી માટે વિશેષ પ્રક્રિયા નિર્ધારિત કરવામાં આવી છે. આ પ્રક્રિયા અહીં જણાવ્યા પ્રમાણેની છે :

(i) પ્રોજેક્ટ ઓથોરિટીએ પોતાનો પ્રસ્તાવ (પ્રપોઝલ) સંબંધિત રાજ્ય/કેન્દ્રીશાસિત પ્રદેશના સીએમઝેડએને અહીં આપેલા દસ્તાવેજો/અહેવાલો સાથે સુપરત કરવાનો રહેશે -

- પત્રક (ફોર્મ) - ૧ (નોટિફિકેશનનું પરિશિષ્ટ - ૪ જુઓ)

- ઝડપી એન્વાયર્ન્મેન્ટ ઇમ્પેક્સ એસેસમેન્ટ (ઈઆઈએ) અહેવાલ તથા તેની સાથે સમુદ્રી અને સરહદી ઈઆઈએ. વ્યવસ્થિત ઈઆઈએ અને પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા સમયાંતરે જારી કરાતી માર્ગરેખાઓ અનુસાર બંદર અને દરિયાકાંઠા માટે જરૂરી પ્રોજેક્ટ અંગેના અભ્યાસો-સંશોધનો.

- આપત્તિ (ડિઝાસ્ટર) વ્યવસ્થાપન અહેવાલ તથા જોખમ (રિસ્ક) વ્યવસ્થાપન અહેવાલ

- અધિકૃત એજન્સી દ્વારા અંકિત કરવામાં આવેલી એચટીએલ તથા એલટીએલ દર્શાવતો સીઆરઝેડ નક્શો. (૧:૪૦૦૦ સ્કેલ)

- ઉપર દર્શાવેલા નક્શા પર પ્રોજેક્ટનો લેઆઉટ ઉપસાવવો.

- સીઆરઝેડ નક્શો સામાન્ય રીતે પ્રોજેક્ટ સાઇટની ફરતે સાત કિલોમીટરના ઘેરાવાને દર્શાવતો હોવો જોઈએ.

- સીઆરઝેડ નક્શો સીઆરઝેડ-૧, ૨, ૩ અને ૪ વિસ્તારો દર્શાવતો હોવો જોઈએ.

- સંબંધિત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કે સમિતિ પાસેથી પ્રોજેક્ટ માટે ના-વાંધાદર્શક પ્રમાણપત્ર (નો ઓબ્જેક્શન) લાવવું. જે પ્રોજેક્ટમાં કચરો, ઘન કચરો અને ગંદુ પાણી વગેરેનો નિકાલ કરવાની જરૂરિયાત સર્જાતી હોય. (દરિયાઈ પાણીમાં ઓછામાં ઓછું પ્રદૂષણ થાય તેને ધ્યાનમાં રાખીને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કે સમિતિ પાસેથી એઓસી લાવવું ફરજિયાત છે.)

(ii) સંબંધિત સીઝેડએમએ દ્વારા ઉપરોક્ત દસ્તાવેજોની ચકાસણી સ્વીકૃત સીઝેડએમપી અને સીઆરઝેડ નોટિફિકેશનને ધ્યાનમાં રાખીને કરવાની રહેશે અને ઉપરોક્ત દસ્તાવેજો મળ્યાની તારીખથી સાઇઠ દિવસના સમયગાળામાં ભલામણ કરવાની રહેશે -

- પ્રોજેક્ટ જો ઈઆઈએ નોટિફિકેશન, ૨૦૦૬ને લગતો હોય તો એસઈએસીને કે ઈએસીને ભલામણ કરવાની,

- પ્રોજેક્ટ જો સીઆરઝેડ નોટિફિકેશનને લગતો હોય તો પર્યાવરણ અને વન મંત્રાલય કે રાજ્ય સરકારને ભલામણ કરવાની રહેશે.

(iii) પર્યાવરણ અને વન મંત્રાલય કે રાજ્ય સરકારે પ્રસ્તાવિત પ્રોજેક્ટ અંગેનો નિર્ણય સંબંધિત સીઝેડએમએની ભલામણના આધારે સાઇઠ દિવસના સમયગાળામાં કરવાનો રહેશે.

૨. આ બહાલી કેટલા લાંબા સમય સુધી માન્ય રહેશે?

૨૦૧૧ના નોટિફિકેશન અંતર્ગત પ્રોજેક્ટને મળેલી બહાલી જે તારીખે બહાલી આપવામાં આવી હોય ત્યાંથી પાંચ વર્ષના સમય સુધી માન્ય રહેશે.

૩. બહાલી-બાદનું દેખરેખ તંત્ર શું છે?

૨૦૧૧ના નોટિફિકેશ અંતર્ગત એક વાર પ્રોજેક્ટને બહાલી મળ્યા બાદ , અહીં જણાવ્યા પ્રમાણે બહાલી-બાદ (પોસ્ટ ક્લીઅરન્સ)ના ચક્રો ગતિમાન થશે :

- પ્રોજેક્ટ મેનેજમેન્ટ માટે સંબંધિત નિયમન સત્તામંડળ (તંત્ર), જેમની પાસેથી સોફ્ટ કોપી અને હાર્ડ કોપીમાં પર્યાવરણીય બહાલી મેળવી હોય, તેના નિયમો-શરતોના આધારે અર્ધ-વાર્ષિક અમલીકરણ અહેવાલ દર વર્ષની ૧ જૂન અને ૩૧ ડિસેમ્બરના રોજ સબમિટ કરાવવો ફરજિયાત છે.

- પ્રોજેક્ટ મેનેજમેન્ટ દ્વારા આવા જે અમલીકરણ અહેવાલો રજૂ કરવામાં આવશે, તે જાહેર દસ્તાવેજ બની રહેશે.

- સંબંધિત તંત્ર પાસે અરજી કરીને કોઈ પણ વ્યક્તિ આ અહેવાલોની નકલની માગ કરી શકે અને તેમને આપવામાં પણ આવશે.

- લેટેસ્ટ અમલીકરણ અહેવાલ સંબંધિત તંત્રની વેબસાઈટ પર પણ મૂકાવો જોઈએ અને બહાલીની તારીખથી પાંચ વર્ષ સુધી તે માન્ય રહેશે.

## ૬. તકેદારીનાં પગલાં

૧. ૨૦૧૧ના નોટિફિકેશન અંતર્ગત તકેદારીના માળખા (મિકેનિઝમ)નું કેવું વર્ણન કરાયું છે?

૧૯૯૧નું સીઆરઝેડ નોટિફિકેશન તકેદારીના માળખા અંગે કશું દર્શાવતું નહોતું. આ જ બાબત એ નોટિફિકેશનની સૌથી મોટી નબળાઈ હતી અને મોટા પાયે થયેલા ઉલ્લંઘનો માટેનું એક પ્રાથમિક કારણ પણ આ જ હતું. સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૧૧માં નોટિફિકેશનના કોઈ પણ ઉલ્લંઘનો સામે લેવામાં આવનાર તકેદારીનાં પગલાંની પ્રક્રિયા અને તેની અવધિનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નોટિફિકેશનના અસરકારક અમલ-તકેદારી માટે પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા રાજ્ય સ્તરે સીઝેડએમએ તથા રાષ્ટ્રીય સ્તરે એનસીઝેડએમને નિશ્ચિત સમયમાં મજબૂત કરવા પડશે અને તેની ક્ષમતાઓ વધારવાની રહેશે. ૨૦૧૧નું નોટિફિકેશન જારી થયાની તારીખથી ચાર મહિનાના સમયગાળામાં લેટેસ્ટ અધિકૃત નકશાઓ, સેટેલાઇટ તસવીરો તથા આઈટીની મદદથી જ્યાં ઉલ્લંઘન થયું હોય તેને પકડી પડાશે અને ત્યાર પછીના ચાર મહિનાના સમયગાળામાં પર્યાવરણ (સંરક્ષણ) કાયદો, ૧૯૮૬ અનુસાર જરૂરી પગલાં ભરવામાં આવશે.

૨. પારદર્શકતાની ખાતરી માટે બીજાં ક્યાં પગલાંઓ લેવામાં આવ્યાં છે?

સીઝેડએમએના કાર્યમાં પારદર્શકતાની ખાતરી માટે કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીએ વેબસાઇટ ઊભી કરવી પડશે અને આ વેબસાઇટ ઉપર તેણે કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ આયોજનો સહિત સીએમઝેડએના એજન્ડા, મીનિટ્સ, લેવાયેલા નિર્ણયો, બહાલીના પત્રો, ઉલ્લંઘનો અને લેવાયેલાં પગલાં, કોર્ટ કેસો વગેરે વેબસાઇટ પર રજૂ કરવાના રહેશે. (આવી કોઈ જોગવાઈઓ સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧માં કરવામાં આવી નહોતી.)

## ૭. દરિયાકાંઠાની વિશેષ પટ્ટીઓ માટે ખાસ જોગવાઈઓ

૧. કયા ક્યા વિસ્તારો વિશેષ ધ્યાન માગી લે છે?

૧૯૯૧નું નોટિફિકેશન સમગ્ર દેશના દરિયાકાંઠાના વિસ્તારોની પર્યાવરણીય વિવિધતા, સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ, વિકાસ સંબંધિત દબાળો વગેરે બાબતોને ધ્યાનમાં રાખ્યા વિના બધે એક સરખા નીતિ-નિયમો લાગુ પાડે છે. ૨૦૧૧ના નોટિફિકેશનમાં સ્થાનિક સમુદાયો જે ભાત ભાતની સમસ્યાઓનો સામનો કરે છે, જેમકે, મુંબઈમાં લોકો ઝૂંપડપટ્ટીઓમાં વસે છે, જૂની અને અસુરક્ષિત ઇમારતોમાં રહે છે તો કેરળમાં લોકો બેકવોટરમાં ટાપુઓ પર રહે છે, ગોવાના દરિયાકાંઠે સ્થાનિક સમુદાયો વસે છે અને સુંદરવન જેવા ઈકોલોજિકલ સંવેદનશીલ વિસ્તારોમાં લોકો રહે છે, વગેરે ધ્યાનમાં રાખીને ખાસ જોગવાઈઓ દાખલ કરવામાં આવી છે.

૨. બૃહદ મુંબઈને કયા વિશેષ લાભ આપવામાં આવ્યા છે?

મુંબઈ કેટલીક અનોખી જ પર્યાવરણીય અને સામાજિક સમસ્યાઓ ધરાવે છે, એ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને અહીં જણાવેલી જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે :

ક. સીઆરઝેડ-૧ વિસ્તારો :

- તમામ મંજૂર થયેલા રસ્તાઓ અને લિંક્સનું બાંધકામ થાંભલાઓ પર કરવું, જેથી ભરતીનું પાણી મુક્તપણે વહી શકે.

- ઉપરોક્ત બાંધકામ પ્રક્રિયા માટે જેટલા પણ મેન્ગ્રોવ્સ કાપવામાં આવે તેની સામે પાંચ ગણા મેન્ગ્રોવ્સનું વાવેતર કરવામાં આવે.

- આ નોટિફિકેશન જારી થયાના એક વર્ષના ગાળામાં મેન્ગ્રોવ્સના તમામ વિસ્તારોના ફરજિયાતપણે નક્શા તૈયાર થવા જોઈએ, નામાંકન થઈ જવું જોઈએ અને તેની સંભાળનાં પગલાંઓ શરૂ થઈ જવા જોઈએ, ઘન કચરાના નિકાલનું સ્થળ સીઆરઝેડની હદની બહાર ખસેડવું અને જોખમી રેખા (હજાર્ડ લાઇન)થી દરિયા તરફના વિસ્તારમાં આવેલા પરિનિવેશો (હેબિટાટ) અને માળખાંઓના રક્ષણ માટે કાર્ય આયોજન લાગુ પાડવું જોઈએ.

ખ. સીઆરઝેડ-૨ વિસ્તારો :

- રાજ્ય સરકાર સીઆરઝેડ-૨ના વિસ્તારોમાં ઝૂંપડપટ્ટી વિકાસ યોજનાઓ અમલમાં મૂકી શકે છે, જેમાં પ્રોજેક્ટને મંજૂરી મળી હોય તે દિવસે નગર અને રાષ્ટ્રીય આયોજન નિયમો અનુસાર ફ્લોર સ્પેશ ઇન્ડેક્સ કે ફ્લોર એરિયા રેશિયોને સખત રીતે વળગી રહેવું પડશે. જોકે, આવી યોજનાઓમાં રાજ્ય સરકાર કે તેની એજન્સીઓનો હિસ્સો ૫૧ ટકાથી ઓછો ન હોવો જોઈએ.

- સીઆરઝેડ-૨ના વિસ્તારમાં આવેલી જૂની, જર્જરિત અને અસલામત ઇમારતોના ફેરવિકાસ અને ફેરબાંધકામને મંજૂરી આપવામાં આવશે. આવા તમામ પ્રોજેક્ટ્સ ઈમારતોના માલિકો પોતે અથવા તો ખાનગી ડેવલપર થકી અમલી કરવાના રહેશે. સંબંધિત તંત્ર દ્વારા જે તારીખે પ્રોજેકટને મંજૂરી મળી હોય તે દિવસે નગર અને રાષ્ટ્રીય આયોજન નિયમોને ધ્યાનમાં રાખીને જ તમામ પ્રકારના બાંધકામ કરવાના રહેશે.

- બૃહદ મુંબઈનાં હરિયાળા ફેફસાંને જાળવી રાખવા અને તેના સંરક્ષણ માટે સીઆરઝેડ-૨માં દર્શાવવામાં આવેલી તમામ ખુલ્લી જગ્યાઓ, પાર્ક્સ, બગીચાઓ, રમતના મેદાનોને સીઆરઝેડ-૩ની કેટેગરીમાં મૂકી દો, જે નો ડેવલપમેન્ટ ઝોનમાં આવે છે. ફ્લોર ઇન્ડેક્સ જો ૧૫ ટકા સુધીનો હોય તો રમતો માટે જાહેર સુવિધાઓ અને સગવડો માટેના બાંધકામને મંજૂરી મળી શકે છે. આવાં સ્થળો રહેણાંક કે વ્યાપારી ઉપયોગ માટે પ્રતિબંધિત કરવામાં આવે છે.

- સીઆરઝેડ-૨ના વિસ્તારમાં સ્થાનિક સમુદાયના આવાસીય એકમોના પુનર્બાંધકામ અને સમારકામને પ્રાથમિકતાના ધોરણે સંબંધિત તંત્રો દ્વારા મંજૂરી આપવામાં આવશે.

- કોલીવાડા સહિતના ૧૯૮૧ના વિકાસ આયોજનમાં અંકિત કરેલા કે મહારાષ્ટ્ર સરકારના સંબંધિત દસ્તાવેજોમાં દર્શાવાયેલા માછીમારી વિસ્તારોનું માપન કરાશે અને તેને સીઆરઝેડ-૩ જાહેર કરાશે, જેથી આ સ્થળો પર આવાસીય એકમોના બાંધકામ કે ફેરબાંધકામ સહિતનાં વિકાસ-કાર્યો સ્થાનિક અને રાષ્ટ્રીય આયોજન નિયમનોના આધારે જ કરવામાં આવે.

૩. બૃહદ મુંબઈ માટે અપાયેલા ખાસ ફાયદાઓનો કોઈ પણ રીતે દુરુપયોગ ન થાય એ માટે કેવું તંત્ર ઊભું કરાયું છે?

મુંબઈમાં ઝૂંપડપટ્ટીઓ અને જર્જરિત ઇમારતોના ફેરવિકાસની સમગ્ર પ્રક્રિયા એકદમ પારદર્શક રીતે અને જવાબદારીપૂર્વક કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે અહીં જણાવેલાં પગલાંની જોગવાઈ કરવામાં આવી છે :

- સંબંધિત સત્તામંડળ દ્વારા ફેરવિકાસ કે ફેરબાંધકામના જે પ્રોજેક્ટને સ્વીકૃતિ મળી હશે, તેને માહિતીનો અધિકાર-૨૦૦૫ લાગુ પડશે.

- ઝૂંપડપટ્ટીના ફેરવિકાસ સંબંધિત પ્રોજેક્ટોના કિસ્સામાં કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) દ્વારા ઓડિટિંગનું કામ કરાશે તથા અગવડતાભર્યા, જર્જરિત અને અસલામત માળખાંઓના કિસ્સામાં કેગના સ્ટેચ્યુટરી ઓડિટર દ્વારા ઓડિટિંગનું કામ હાથ ધરાશે.

- મહારાષ્ટ્ર સરકાર દ્વારા ઉચ્ચ સ્તરીય દેખરેખ સમિતિની રચના કરવામાં આવી છે, જે સમયાંતરે પોતાના રિવ્યૂ આપતી રહેશે. આ સમિતિમાં આર્કિટેક્ચર, શહેરી આયોજક, એન્જિનિયર્સ અને સ્થાનિક તંત્ર, રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારના સભ્યોનો પણ સમાવેશ થતો હોય છે.

૪. કેરળને ક્યા ક્યા વિશેષ લાભ આપવામાં આવ્યા છે?

કેરળ એવું અનોખા પ્રકારનું કોસ્ટલ પર્યાવરણ ધરાવે છે, જ્યાં બેકવોટરમાં ૩૦૦થી વધારે દ્વીપો આવેલા છે. કેરળના સાવ નોખા ભૂગોળ ધરાવે છે. નોટિફિકેશનમાં એટલે જ કેરળને ખાસ લાભ આપવામાં આવ્યા છે.

કેરળના બેકવોટરમાં આવેલા ટાપુઓ જમીનની એકદમ પાતળી પટ્ટી ધરાવતા હોય છે, જેથી સીઆરઝેડ વિસ્તારને ઉચ્ચ ભરતી રેખાથી જમીન તરફ ૫૦ મીટર સુધી ઘટાડવામાં આવ્યો છે. આ વિસ્તાર નો ડેવલપમેન્ટ ઝોન છે, જ્યાં કોઈ નવું બાંધકામ હાથ ધરી શકાય નહીં. હાલમાં હયાત આવાસીય એકમોનું સમારકામ અને ફેરબાંધકામ થઈ શકશે. માછીમારી માટેની જેટી, માછળી સૂકવવાનું મેદાન, નેટ રાખવાનો વાડો, પરંપરાગત ઢબે માછલીની પ્રક્રિયા, નાવ બનાવવાનો વાડો, બરફનું કારખાનું, નાવનું સમારકામ વગેરે માછીમારી માટે જરૂરી સુવિધાઓ ૦-૫૦ મીટરના ઘેરાવામાં ઊભી કરી શકાય છે. સ્થાનિક સમુદાયોના રહેઠાણ માટે એચટીએલથી જમીન તરફ ૫૦ મીટરથી આગળના ભાગમાં સ્થાનિક પંચાયતની મંજૂરી સાથે બાંધકામ હાથ ધરી શકાશે.

૫. સુંદરવન અને અન્ય ઈકોલોજિકલી સંવેદનશીલ વિસ્તારોને ક્યા ક્યા વિશેષ લાભ આપવામાં આવ્યા છે?

સુંદરવન એ દેશનો સૌથી મોટો મેન્ગ્રોવ્સ વિસ્તાર છે. તેના ઘેરાવામાં લગભગ પાંચ લાખ લોકો વસે છે. સુંદરવન હાલમાં ક્લાઇમેટ ચેન્જને કારણે દરિયાની વધતી સપાટી અને બદલાતા

હવામાનને કારણે ઘણું પ્રભાવિત છે. આંતરમાળખાકીય સુવિધાના અભાવે આ વિસ્તારમાં રહેતા લોકો પારાવાર મુશ્કેલીઓ સહે છે. નોટિફિકેશનમાં સુંદરવન અને અન્ય ઈકોલોજિકલ સંવેદનશીલ અને મહત્ત્વપૂર્ણ વિસ્તારો, જેવાકે, ગુજરાતમાં ખંભાતનો અખાત અને કચ્છનો અખાત, મહારાષ્ટ્રમાં માલવણ, આચરા-રત્નાગીરી, કર્ણાટકમાં કરવાડ અને કુંડાપુર, કેરળમાં વેમબનાડ, ઓરિસામાં ભૈતાર્કાનિકા, આંધ્ર પ્રદેશમાં કોરિંગા, પૂર્વ ગોદાવરી અને ક્રિષ્ના, માટે એક સંકલિત આયોજન રજૂ કરવામાં આવ્યું છે. આ વિસ્તારો આમ તો ક્રિટિકલ વલ્નરેબલ કોસ્ટલ એરિયા (સીવીસીએ) તરીકે જાહેર કરાયા છે અને આ દરેક માટે સ્થાનિક સમુદાયો સાથે મંત્રણા કરીને સંકલિત વ્યવસ્થાપન આયોજન તૈયાર કરાશે.

સંકલિત વ્યવસ્થાપન આયોજન મંજૂર થાય અને અમલીકરણ શરૂ થાય ત્યાં સુધી આ વિસ્તારોમાં સ્થાનિક રહેવાસીઓ માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ માટે સીઝેડએમએ દ્વારા દરેક કેસને જોઈને મંજૂરી આપવાની રહેશે.

૬. ગોવાને ક્યા ક્યા વિશેષ લાભ આપવામાં આવ્યા છે?

દરિયાકાંઠાના ટકાઉ વિકાસ તથા પર્યાવરણની જાળવણી માટે સખત નિયમન તંત્રની સાથે ગોવા રાજ્યને કેટલાક વિશેષ લાભ પૂરા પાડવામાં આવ્યા છે. અન્ય કેટલીક જોગવાઈઓ આ પ્રમાણે છે :

- દરિયાકાંઠે વસતા લોકો પરંપરાગત રીતે માછીમારી અને સંબંધિત પ્રવૃત્તિઓ કરીને જ આજીવિકા રળે છે. આજીવિકારૂપ માછીમારી માટે તેમને જરૂરી કેટલીક માળખાકીય સુવિધાઓ ગોવા સરકાર દ્વારા વિગતવાર સર્વે હાથ ધર્યા પછી પૂરી પાડવામાં આવશે.

- સીઆરઝેડ વિસ્તારોમાં સ્થાનિક સમુદાયોને પોતાની ઇમારતોના ફેરબાંધકામ અને સમારકામની મંજૂરી આપવામાં આવે છે.

- ખજાન જમીનો તરીકે જાણીતી નીચી સપાટી ધરાવતી ભરતીથી પ્રભાવિત જમીન ઈકોલોજિકલી સેન્સિટિવ છે, જેનું માપન કરાવવામાં આવે છે. આવી જમીનો પર આવેલા મેન્ગ્રોવ્સનું સંરક્ષણ અને વ્યવસ્થાપન કરવામાં આવશે. ખજાન જમીનમાં વિકાસને નામે કોઈ પ્રવૃત્તિ હાથ ધરવી નહીં.

- રેતીના ઢગલા, ખાડી અને અખાત સાથે જોડાયેલી બીચની પટ્ટીઆનો સર્વ હાથ ધરાશે અને નક્શાકરણ પણ કરી નાખ્યું છે. રેતીના ઢગવાળા વિસ્તારમાં કોઈ પ્રવૃત્તિની મંજૂરી આપવામાં આવતી નથી.

- મન્ડ્રીમ, મોરજિમ, ગાલગિબા અને અગોન્ડા જેવા બીચને વન્યજીવસંરક્ષણ કાયદો, ૧૯૭૨ અંતર્ગત કાચબાના માળા ધરાવતાં સ્થળો તરીકે સ્થાપિત કરવામાં આવ્યા છે. આ વિસ્તારોનો સર્વે હાથ ધરીને તેના સંરક્ષણ માટે મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવશે. આ વિસ્તારોમાં કોઈ વિકાસલક્ષી પ્રવૃત્તિને મંજૂરી આપવામાં આવશે નહીં.

## ૭. ૧૯૯૧ના નોટિફિકેશન અંતર્ગત થયેલા ઉલ્લંઘનો અને પડતર કેસોની ફેરવણ (ટ્રાન્સફરન્સ)

૧. સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૧૧ અમલમાં આવતાં સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ અંતર્ગત થયેલા ઉલ્લંઘનોને માફ કરી દેવામાં આવશે?

ના. પર્યાવરણ (સંરક્ષણ) કાયદો, ૧૯૮૬ના વિભાગ (સેક્શન)-૫ અંતર્ગત પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિદેશ અનુસાર તમામ સીઝેડએમએને ઉલ્લંઘનના કિસ્સામાં આગળની કાર્યવાહી માટે લેટેસ્ટ નક્શાઓ, સેટેલાઇટ તસવીરો અને માહિતી તકનીકીની મદદથી નિશ્ચિત સમયમર્યાદામાં કાર્યવાહી અંગે માર્ગરેખા પૂરી પાડવામાં આવશે.

૨. નોટિફિકેશન, ૨૦૧૧ જારી થઈ ગયા પછી ૧૯૯૧ના નોટિફિકેશન અંતર્ગત તૈયાર કરવામાં આવેલા દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન આયોજનો (સીઝેડએમપી)નું શું કરવામાં આવશે?

નવા નોટિફિકેશનમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જ્યાં સુધી સીઆરઝેડ, ૨૦૧૧ અનુસાર નવા સીઝેડએમપીની બહાલી ન આવી જાય ત્યાં સુધી સીઆરઝેડ, ૧૯૯૧ અનુસારના સીઝેડએમપીને જ અનુસરવાનું રહેશે.

૩. શું સીઆરઝેડ, ૧૯૯૧નું ઉલ્લંઘન કરીને બાંધવામાં આવેલી આદર્શ (મહારાષ્ટ્ર) વગેરે પ્રકારની ઇમારતોને સીઆરઝેડ, ૨૦૧૧માં કાયદેસરતા બક્ષવામાં આવશે?

ના. પર્યાવરણ (સંરક્ષણ) કાયદો, ૧૯૮૬ના વિભાગ (સેક્શન)-૫ અંતર્ગત પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિદેશ અનુસાર તમામ સીઝેડએમએને ઉલ્લંઘનના કિસ્સામાં આગળની કાર્યવાહી માટે લેટેસ્ટ નક્શાઓ, સેટેલાઇટ તસવીરો અને માહિતી તકનીકીની મદદથી નિશ્ચિત સમયમર્યાદામાં કાર્યવાહી અંગે માર્ગરેખા પૂરી પાડવામાં આવશે.

## ૯. દ્વીપ સંરક્ષણ વિસ્તાર (આઈલેન્ડ પ્રોટેક્શન ઝોન-આઈપીઝેડ) નોટિફિકેશન

૧. અલગથી દ્વીપ સંરક્ષણ વિસ્તાર (આઈપીઝેડ) નોટિકફિકેશન, ૨૦૧૧ની શું જરૂર હતી?

આંદામાન અને નિકાબારમાં આશરે ૫૦૦ અને લક્ષ્યદ્વીપમાં ૩૦ જેટલા ટાપુઓ આવેલા છે. આ બે સમુદ્રી દ્વીપસમૂહો દેશના જૈવિક વિવિધતાથી સમૃદ્ધ એવાં સ્થળ તરીકે ઉભરી રહ્યાં છે. આંદામાન-નિકોબાર તેની સાંસ્કૃતિક અને દરિયાઈ જૈવિક વિવિધતા માટે જાણીતા છે. આંદામાન-નિકોબારની ૮૫ ટકા જમીન પર પથરાયેલો વન વિસ્તાર પણ લોકોને આકર્ષે છે. જ્યારે લક્ષ્યદ્વીપ એ પરવાળાના ટાપુ માટે વિખ્યાત છે. લક્ષ્યદ્વીપનો ભૂ-ભાગ ઘણો નાનો હોવાથી મોટાભાગના કિસ્સામાં સીઆરઝેડ મુજબ ૫૦૦ મીટરના વિસ્તારમાં લાગુ પડતા નિયમનોથી સ્થિતિ ઘણી નાજૂક બની જાય છે. એટલે, સમગ્ર ટાપુ (આંદામાન-નિકોબારના ચાર દ્વીપ - ઉત્તર આંદામાન, મધ્ય આંદામાન, દક્ષિણ આંદામાન અને બૃહદ નિકોબાર સિવાયનો)ના સંચાલન માટે અલગથી જ નોટિફિકેશન જારી કરવામાં આવ્યું છે.

૨. આઈપીઝેડ નોટિફિકેશન, ૨૦૧૧ના ઉદ્દેશો કયા કયા છે?

સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૧૧ના મુખ્ય ઉદ્દેશો અહીં જણાવ્યા પ્રમાણેના છે :

- દરિયાકાંઠા વિસ્તારમાં રહેતા માછીમાર સમુદાયો, આદિવાસીઓ અને અન્ય સ્થાનિક સમુદાયોની રોજીરોટીની સુરક્ષાને સુનિશ્ચિત કરવી.

- કાંઠા વિસ્તારોની સંભાળ અને સુરક્ષા, તથા

- દરિયાકાંઠાના વિસ્તારોમાં કુદરતી આફતોનાં જોખમો અને ગ્લોબલ વોર્મિંગને કારણે દરિયાની વધતી જળસપાટીને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિક સિદ્ધાંતોના આધારે ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવું

૩. આઈપીઝેડ નોટિફિકેશન, ૨૦૧૧નું અધિકાર-ક્ષેત્ર કેટલું રહેશે?

આ નોટિફિકેશન ઉત્તર આંદામાન, મધ્ય આંદામાન, દક્ષિણ આંદામાન અને બૃહદ નિકોબાર, એમ ચાર દ્વીપો માટે દરિયાકાંઠાને અડીને આવેલી ઉચ્ચ ભરતી રેખાથી ૫૦૦ મીટર સુધીના વિસ્તારમાં લાગુ પડશે, જ્યારે આંદામાન-નિકોબાર અને લક્ષ્યદ્વીપના બાકીના તમામ ટાપુઓમાં સમગ્ર વિસ્તાર, જેમાં ૧૨ નોટિકલ માઇલ સુધીનો જળ-પ્રદેશનો સમાવેશ પણ થાય છે, તે નોટિફિકેશનના અધિકાર-ક્ષેત્રમાં આવશે.

૪. દ્વીપસમૂહોના વ્યવસ્થાપનમાં કુદરતી આફતોની સંખ્યાને પણ ધ્યાનમાં લેવામાં આવશે?

હા, આંદામાન-નિકોબાર પર ધરતીકંપ, ત્સુનામી, વાવાઝોડાં વગેરે કુદરતી આફતોની તલવાર લટકતી રહે છે. સંકલિત દ્વીપ વ્યવસ્થાપન આયોજનો (આઈઆઈએમપી)માં કુદરતી આફતો અને અન્ય પર્યાવરણીય સમસ્યાઓને જરૂર ધ્યાનમાં લેવામાં આવશે. નોટિફિકેશનમાં આઈઆઈએમપી તૈયાર કરવા માટેની માર્ગરેખાઓ આપવામાં આવી છે.

## ૧૦. ટૂંકસાર : સીઆરઝેડ, ૨૦૧૧ અને સીઆરઝેડ, ૧૯૯૧ની તુલના

૧. સીઆરઝેડ, ૨૦૧૧માં સૌથી મહત્ત્વપૂર્ણ નવી જોગવાઈઓ કઈ કઈ છે?

(i) આ નોટિફિકેશન અંતર્ગત તમામ જળ વિસ્તાર, જેમાં દરિયામાં ૧૨ નોટિકલ માઇલ સુધીનો જળવિસ્તાર અને તમામ ભરતીપ્રભાવિત જળાશયો, જેવાંકે ખાડી, નદી, ખારોપાટનું નિયમન થશે.

(ii) સ્થાનિક સમુદાયોની આજીવિકા અને દરિયાકાંઠે અડીને આવેલાં આંતરમાળખાંઓ સહિતની સ્થાવર સંપત્તિના રક્ષણ માટે જોખમી રેખા અંકિત કરવામાં આવશે, જેનું નિર્ધારણ સર્વે ઓફ ઇન્ડિયાની કચેરી દ્વારા કરવામાં આવશે.

(iii) પર્યાવરણીય અને સામાજિક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને બૃહદ મુંબઈ, કેરળ, ગોવા અને અનેક જોખમો તોળાઈ રહ્યા હોય એવા સુંદરવન જેવા વિસ્તારોને વિશેષ લાભ પૂરા પાડવામાં આવશે.

(iv) માનવીય પ્રવૃત્તિઓને કારણે દરિયાકાંઠાના વિસ્તારોના થયેલા ધોવાણને ધ્યાનમાં રાખીને સેટેલાઇટ તસવીરોની મદદથી લેટેસ્ટ નક્શો તૈયાર કરાશે અને દરિયાકિનારાને ભારે ધોવાણ, મધ્યમ ધોવાણ અને ઓછું ધોવાણ કે સ્થિર સમુદ્રપટ્ટી, એવી કેટેગરી પાડીને વર્ગીકૃત કરાશે. ભારે ધોવાણવાળા વિસ્તારોમાં કોઈ પણ પ્રકારનાં વિકાસ-કાર્યની મંજૂરી અપાશે નહીં.

(v) માછીમારી સમુદાય અને અન્ય પરંપરાગત રીતે દરિયાકાંઠે વસતા સમુદાયોની મકાનની વધતી જરૂરિયાતને પહોંચી વળવા માટે ઉચ્ચ ભરતી રેખાથી ૨૦૦ મીટરના નો ડેવલપમેન્ટ ઝોનને ઘટાડીને ૧૦૦નો કરી નાખવામાં આવ્યો છે.

૨. સીઆરઝેડ, ૧૯૯૧માં હોય અને સીઆરઝેડ, ૨૦૧૧માં પણ જાળવી રાખવામાં આવી હોય, એવી મુખ્ય જોગવાઈઓ કઈ કઈ છે?

(i) દરિયાકાંઠા સાથે ઉચ્ચ ભરતી રેખાથી ૫૦૦ મીટરનો વિસ્તાર અને ભરતીપ્રભાવિત વિસ્તારની સાથે ઉચ્ચ ભરતી રેખાથી ૧૦૦ મીટરનો વિસ્તાર નોટિફિકેશનના અધિકાર-ક્ષેત્રને યથાવત્ રાખવામાં આવ્યું છે.

(ii) દરિયાકાંઠા નિયમન વિસ્તાર (સીઆરઝેડ)નું ચાર કેટેગરી, સીઆરઝેડ-૧(ઈકોલોજિકલ સંવેદનશીલ વિસ્તાર), સીઆરઝેડ-૨(શહેરી વિસ્તાર), સીઆરઝેડ-૩(ગ્રામીણ વિસ્તાર), સીઆરઝેડ-૪ (જળ વિસ્તાર)માં કરવામાં આવેલું વર્ગીકરણ પણ જાળવી રાખવામાં આવ્યું છે.

(iii) દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન આયોજનોમાં કોસ્ટલ ઝોન-૧, ૨ અને ૩ને નિર્ધારિત કરવાની જે પદ્ધતિ વાપરવામાં આવતી હતી, તેને પણ જાળવી રાખવામાં આવી છે.

૩. સીઆરઝેડ, ૧૯૯૧ની કઈ કઈ સારી જોગવાઈઓને સીઆરઝેડ, ૨૦૧૧માં પડતી મૂકવામાં આવી છે?

(i) સીઆરઝેડ વિસ્તારમાં વધુ કોઈ સેઝના પ્રોજેક્ટને મંજૂરી મળી શકશે નહીં.

(ii) દ્વીપ સમૂહોની વિશેષ ભૌગોલિક સમસ્યાઓ, પર્યાવરણની સંવેદનશીલતા અને દ્વીપવાસીઓની જરૂરિયાતને પહોંચી વળવાના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને આંદામાન-નિકોબાર અને લક્ષ્યદ્વીપનું નિયમન કરતી જોગવાઈઓને પડતી મૂકવામાં આવી છે અને તેને બદલે અલગથી જ નોટિફિકેશન જારી કરવામાં આવ્યું છે, જે આઈપીઝેડ (આઇલેન્ડ પ્રોટેક્શન ઝોન) તરીકે ઓળખાશે.

(iii) સીઆરઝેડ-૩માં ગ્રામીણ જનતા માટે રહેઠાણના વિસ્તાર-વિકાસ પરનાં નિયંત્રણોની જોગવાઈઓને પડતી મૂકવામાં આવી છે.